March 2021

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 16

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશ્યિલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યકિતઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવો...

આજથી 6 વર્ષ પહેલા પ્રભાતના દાણીલીમડા સેન્ટરમાં શેખ મહેબુબ રુકબુદ્દીન નામના બાળકે એડમીશન લીધું. મહેબુબને સેવિયર M.R. સાથે સ્પીચ પ્રોબ્લેમ છે અને બિહેવીયર પ્રોબ્લેમ પણ છે. તે એક ખૂબ જ સામાન્ય પરિવારમાંથી આવે છે. તેના પિતા રુકબુદ્દીન ચાની કીટલી ચલાવે છે અને તેની માતા જેનમબીબી ઘરકામની સાથે પોતાના 7 બાળકોનો ઉછેર કરે છે.

બાળક જયારે સ્કૂલે આવ્યો ત્યારે તે ખૂબ હાયપર હતો. આખો દિવસ હસ્યાં કરતો, વસ્તુની તોડ-ફોડ કરી નાખતો, કાગળ ફાડી નાખતો, તેને ખાદ્ય અને અખાદ્ય વસ્તુ વચ્ચેના ભેદ અંગે જાણકારી નહતી. તેને એરોમોટર સેન્સરી પ્રોબ્લેમ પણ હતો, સ્કૂલમાં પોતાના કાર્યમાં ધ્યાન ન આપે, બૂમો પાડ્યા કરે, તે વર્ગના અન્ય બાળકોને હેરાન કરવાની સાથે બીજા કલાસમાં પણ ભાગી જતો.

સેન્ટરમાં એડમીશન લીધું ત્યારે સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા મહેબુબનું એસેસમેન્ટ કરવામાં આવ્યું. બાળક સેન્ટર પર રેગ્યુલર આવતો થયો ત્યારથી શિક્ષકો દ્વારા સ્પેશિયલ એજ્યુકેશન અને થેરાપી આપવાની શરૂઆત કરી. બાળક ઉત્સાહી હોવાથી શિક્ષકના કહેવા પ્રમાણે એકટીવીટી કરવા પ્રયત્ન કરવા લાગ્યો. તેના કારણે બાળક સાથે પ્લે-થેરાપી, ફાઈન-મોટર એકટીવીટી, સ્પીચ થેરાપી જેવી થેરાપી શરુ કરી.

મહેબુબ હવે કલાસમાં બધા બાળકો સાથે બેસીને પઝલ ગેમ, સ્ક્રેબલિંગ, આર્ટ એન્ડ ક્રાફટ, રંગ પુરવા, ચિત્ર ચોટાડવા જેવી એકટીવીટીઓ કરતા થયો છે. સતત શિક્ષક અને ઘરે માતા-પિતાના પ્રયત્નોથી બાળક દરેક કાર્યમાં ધ્યાન આપતો થયો અને રસ લઈને કાર્ય કરતો થયો છે. પોતાનું કરેલું કામ મને બતાવે અને ખુશ થાય છે. અને પોતાનું કાર્ય વધુ સારી રીતે કરવા પ્રયત્ન કરે છે.

સંસ્થામાં મળતી સ્પીચ થેરાપીને કારણે તેની સ્પીચમાં ઘણો સુધારો જોવા મળ્યો છે. મહેબુબ તેનાથી નાના બાળકોને મદદ કરતો થયો છે અને તેનો ગુસ્સો પણ ઓછો થયો છે. મહેબુબ સ્કૂલમાં ઉજવાતા દરેક તહેવારોમાં ભાગ લેવાનું પસંદ કરે છે. સ્કૂલમાં આવતી દરેક નવી વ્યકિતને "નમસ્તે" કહીને અભિવાદન કરે છે. તે ખાદ્ય અને અખાદ્ય વસ્તુ વચ્ચેનો ભેદ પરખાતો થયો છે.

મહેબુબમાં આવેલ પરિવર્તન અને વિકાસથી સંસ્થા, હું અને તેના માતા-પિતા આનંદની અનુભૂતિ કરીએ છીએ!

By: - Sejal Anand
Special Educator



## લીડર સ્ટોરી

લાંભા વોર્ડમાં ઈન્દિરાનગર-2 કલસ્ટરમાં ઘણા કોમ્યુનિટી સહાયક છે કે જેઓ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા સાથે જોડાઈને સમાજને મદદરૂપ થાય છે. તેમાંથી આજે આપણે વાત કરીએ 60 વર્ષના મહાવર દેવદત્તભાઈ કંચનલાલની કે જેઓ સંસ્થા સાથે લાંબા સમયથી કાર્યરત છે. દેવદતભાઈના પરિવારમાં પત્ની અને એક પુત્રનો સમાવેશ થાય છે. તેમના પત્નીની કિડની અને લીવરમાં ડેમેજ છે. તેમનો પુત્ર હિતેશ કે જે મંદબુદ્ધિ દિવ્યાંગતા ધરાવે છે. તેની આ દિવ્યાંગતાના લીધે તેના પપ્પાને ખૂબ તકલીફ પડે છે, તેમ છતાં તેઓ પોતાને ક્યાંય પણ જવાનું થતા પોતાના બાળકને પોતાની સાથે જ રાખે છે. હિતેશની બધી જવાબદારી અને સાર-સંભાળ દેવદત્તભાઈ પોતે જ રાખે છે. દેવદત્તભાઈને વ્યવસાયે પંચર કરવાનું કામ છે.

દેવદત્તભાઈ પોતાના કામમાંથી થોડો સમય કાઢી હંમેશા સંસ્થાને મદદરુપ બને છે. પોતાનો બાળકની સાર-સંભાળની સાથે સાથે સંસ્થા દ્વારા કરવામાં આવતા પ્રોગ્રામમાં પોતાની હાજરી અને ફાળો આપે છે. તેમના સાથ-સહકારથી લાંભા વિસ્તારમાં આવેલ દિવ્યાંગ બાળકો કે વ્યકિતઓને મળતી વિવિધ સુવિધાઓ જેવી કે મેડિકલ સર્ટીફિકેટ, રેલવે પાસ, એસ.ટી. પાસ અને સમાજસુરક્ષા દ્વારા મળતી વિવિધ સાધન-સહાય અંગેની જાણકારી તેઓ સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે. સંસ્થા દ્વારા કરવામાં આવેલ મહિલા અવેરનેસ પ્રોગ્રામમાં તેમના એરિયામાં આવેલ મહિલાઓને પ્રોગ્રામ અંગેની જાણકારી આપી તેઓને લઈ આવ્યા હતા.

ખરેખરમાં દેવદત્તભાઈ જેવા સહાયક દ્વારા દિવ્યાંગ બાળકો કે વ્યકિતઓને મળતા વિવિધ લાભો તથા સાધન-સહાય વિશે અવેરનેસ લાવવાનું કાર્ય ખૂબ જ પ્રસંશનીય છે. તેમના આ કાર્ય માટે સંસ્થા દિલથી આભાર માને છે!

By: - Kishorbhai Vaghela
Special Educator





https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.facebook.com/Prabhateducationfoundation/

https://www.instagram.com/prabhat_education_foundation/

## મુબારક હો!

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેચ્છા.



7th April, કિરણભાઈ



16th April, રોબર્ટભાઈ

"Every Prabhat buddy of ours has a different personality and each one has taught me so much that has made me a stronger person now."

- Grade 6, Riverside student

**પ્રેક્ટીકલ એસેસમેન્ટ વર્ક:-** પ્રભાત અને N.R ફિઝિયોથેરાપી સંસ્થા કે જે અમદાવાદમાં આવેલ છે તે છેલ્લા 3 વર્ષથી એકબીજા સાથે જોડાયેલા છે. પ્રભાત સંસ્થામાંથી ફિઝીયોથેરાપી સ્ટુડન્ટ્સને પ્રેક્ટીકલ નોલેજ અને ટ્રેનિંગ મળે છે, પછી સ્ટુડન્ટ્સ બાળકોનું પ્રેક્ટીકલ એસેસમેન્ટ વર્ક કરી સંસ્થાને મદદરૂપ બનતા હોય છે. માર્ચ મહિનામાં 49 N.R ફિઝિયોથેરાપી સંસ્થાના સ્ટુડન્ટ્સ દ્વારા સંસ્થાના વટવા સેન્ટર પર બાળકોનું એસેસમેન્ટ કરવામાં આવ્યું.

**ડોનેશન વિતરણ:-** ડોનેશન આવતા સંસ્થામાં તે ડોનેશનના વિતરણ માટે આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે આ વિતરણ કોમ્યુનિટીના વિસ્તારમાં કરવામાં આવે છે પરંતુ કોરોના સમયમાં ડોનેશન વિતરણ સેન્ટર પર રાખવું વધારે સલામત હતું. અલગ-અલગ રૂમમાં અલગ-અલગ વસ્તુઓ જેવી કે કપડાં, રમકડાં, સ્ટેશનરી વગેરે રાખવામાં આવ્યું. વિતરણ દરમિયાન તમામ પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું હતું.

**બોર્ડ મિટિંગ**:- પ્રભાત સંસ્થાએ માર્ચ મહિનામાં પોતાની બીજી બોર્ડ મિટિંગ કરી. આ બોર્ડ મિટિંગમાં વર્ષ દરમ્યાનની કામગીરી, પ્રોગ્રામ અંગેની માહિતી, ફાયનાન્સ, એડ્મીનીસ્ટ્રેશન અને એકેડેમીકના વિષયો પર ચર્ચા કરવામાં આવી. તે ઉપરાંત બોર્ડના ખૂબ જ અનુભવી સભ્યો પાસેથી માર્ગદર્શન મળ્યું. જે માર્ગદર્શન સંસ્થા માટે ખાસ કરીને નવાફેરફારોને ધ્યાનમાં રાખીને ઉપયોગી બની રહેશે.

**નિત્યક્રમ ગોઠવાઈ રહ્યો છે**:- જ્યારે હવે થોડું નોર્મલ થઈ રહ્યું છે ત્યારે પ્રભાત સંસ્થાએ પણ પોતાના સેન્ટર પર એક્ટીવીટી અને થેરાપી આપવાની શરુ કરી છે. સેન્ટર પર કોવિડ-19ના પ્રોટોકોલને જાળવી શકાય અને અમુક સંખ્યાથી વધારે માણસો ભેગા ન થાય તે માટે થોડા-થોડા કરીને બાળકોને વારાફરતી સેશન માટે બોલાવવામાં આવે છે. શિક્ષકો દ્વારા આયોજન એ રીતે કરવામાં આવે છે કે દરેક બાળક અઠવાડિયામાં એક વખત સેન્ટર પર આવી સેશન લઈ શકે. બાળકોને કરાવવામાં આવતી એક્ટીવીટીઓ જેવી કે ફીઝીયોથેરાપી, પ્રી-વોકેશનલ ટ્રેનિંગ, એકેડેમીક લર્નિંગ અનેઅર્લી-ઈન્ટરવેન્શનનો સમાવેશ થાય છે. સોમવારથી ગુરુવારમાં બાળકોને બોલાવવામાં આવે છે, અને શુક્રવારે એવા બાળકોને બોલાવવામાં આવે છે કે જેઓ અઠવાડિયા દરમ્યાનના સેશન ન લઈ શક્યા હોય. દૂર રહેતા બાળકોને મટીરીયલ ઓનલાઈન મોકલવામાં આવે છે.

**સરળ હસ્તકલા શાંત છે એટલી જ ઉપયોગી છે:-** 4 થી 12 વર્ષની વયજૂથના બાળકો(આશના,અલીસા,મિષ્ટી,મીઠી, વિનિશા, રીવાન્સ, રીવાન, અર્જુન અને રુહી) દ્વારા પ્રભાતની ટીમ માટે ઓરિગામી એક્ટીવીટીને લગતું સેશન રાખવામાં આવ્યું. બાળકોના સ્પષ્ટ સૂચનો સાથે આ એક વ્યવસ્થિત અને રસપ્રદ સેશન રહ્યું હતું. આ નાના બાળકો પોતાની સરળ અને સહેલી સમજને કેવી સુંદર રીતે કોમ્યુનિટીને શીખડાવવા માંગે છે તે જોવું આશ્ચર્યચકિત હતું. તેઓ આ સેશન હવે પ્રભાતના બાળકો સાથે કરવા માંગે છે. પ્રભાતના લાંબા સમયથી રહેલા સપોર્ટર્સ અંજલી અને ચિંતન શેઠના કારણે આ ઓરિગામી સેશન શક્ય બન્યું.

**"વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ દિવસ"ની ઉજવણી:-** સંસ્થામાં આપણને કોઈ વિકલાંગતાની ઉજવણી કરવા માટે માત્રએક દિવસની જરૂર હોતી નથી, એનું કારણ એક જ છે કે સંસ્થા 365 દિવસ એ જ કરતી હોય છે. પરંતુ આવા વૈશ્વિક દિવસોની ઉજવણી પાછળ સંસ્થાનો હેતુ વધુ લોકો સુધી જાગૃતતા પહોંચાડવાનો છે. હાલમાં સંસ્થામાં 46 બાળકો ડાઉન સિન્ડ્રોમ ધરાવતા છે, એ બાળકો માટે એક ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. તેમાં સંગીત, ડાન્સ જેવી એક્ટીવીટી રાખવામાં આવી. તે બાળકોને ત્યાં જ ભોજન કરાવવામાં આવ્યું. તે 3 કલાકની ઉજવણી એક આનંદમય માહોલ બની ગયો હતો. બાળકોએ ખૂબ આનંદ માણ્યો હતો! તે ઉજવણીમાં "કી ટુ હેપ્પીનેસ"ની ટીમ અને થેરાપી ડોગે પણ સંસ્થાની મુલાકાત લીધી હતી.

**ટ્રેનિંગ અને વર્કશોપ:-** પ્રભાત સંસ્થાની આંગણવાડી અને સામાજિક કાર્યકરો સાથેની તાલીમ અને વર્કશોપ છેલ્લા 3 મહિનાથી ચાલુ છે. આ ટ્રેનિંગ ખૂબ અસરકારક સાબિત થઈ છે. આ એક જ મહિનામાં પ્રભાત 280 કાર્યકરો સુધી પહોંચવામાં સક્ષમ રહ્યું છે. આ ટ્રેનિંગ અને વર્કશોપના વિષયો વિકલાંગ બાળકોની ઓળખ પરના હતા. ખાસ કરીને એવા બાળકો કે જેમની વિકલાંગતા જોઈ શકાય એમ નથી, પરંતુ તેવા બાળકોના વર્તન, રીસ્પોન્સ અને પ્રવૃત્તિ દ્વારા ઓળખી શકાય. અને બીજો મહત્વનો વિષય એ છે કે સરકાર દ્વારા મળતી વિવિધ યોજનાઓ અંગેની જાણકારી આપવી અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને તેનો લાભ કઈ રીતે અપાવવો તે અંગેની જાણકારી આપવી. જો એ બધા ફોર્મ ઓનલાઈન ભરવાના હોય તો ટીમ લોકોને તેની પ્રક્રિયા અંગેનું માર્ગદર્શન આપે છે. આંગણવાડી કાર્યકરોને આપેલ યોગ્ય અને સચોટ માહિતીના માર્ગદર્શનથી કોમ્યુનિટીમાં વધુ લોકો સુધી જાગૃતતાપહોંચી શકે છે. મર્યાદિત ટીમ મેમ્બર્સ અને સમય સાથે પ્રભાત ઘણા બધા વોર્ડ, વિસ્તારમાં પહોંચવામાં અસમર્થ છે. તેથી તે આંગણવાડી અને કોમ્યુનિટી કાર્યકરો સાથે મળીને જરૂરિયાતવાળા લોકોને સશક્ત બનાવવામાં મદદ કરે છે.

મંથલી અપડેટ

**સાધન-સહાયનું વિતરણ:-**જાન્યુઆરીથી માર્ચ મહિના દરમ્યાન દિવ્યાંગ બાળકો-વ્યક્તિઓને મળતી વિવિધ સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યું. આ સાધન-સહાય ALIMCO દ્વારા કરાવવામાં આવેલ એસેસમેન્ટ બાદ વિવિધ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા બાળકો/વ્યક્તિઓને તેમની ઉંમર અને ક્ષમતા અનુસાર વિતરણ કરવામાં આવ્યું. સંસ્થાના મિત્રો, સહાયક પણ આ વિતરણમાં સામેલ થયા હતા. સરકારશ્રીની નવી યોજના "સંત સૂરદાસ યોજના" કે જેમાં બાળક/વ્યકિત મંદબુદ્ધિ ધરાવતા હોય અને સિવિલ સર્ટીફીકેટમાં જેની વિકલાંગતા 80% હોય તેવા બાળકો/વ્યક્તિઓને સરકાર તરફથી દર મહિને તેના પોતાના બેંક એકાઉન્ટમાં 1000 રૂપિયા જમા કરાવવામાં આવશે. સંસ્થામાંથી આ યોજના માટે ફોર્મ ભરવામાં આવ્યા. (https://www.facebook.com/watch/live/?v=766409837630282&ref=watch_permalink)

| S.No. | Type of aids | Total |
|---|---|---|
| 1 | C P Chairs | 28 |
| 2 | Folding Wheel Chairs | 25 |
| 3 | MR kit (TD OM 01 MSIED KIT-MULTI) | 105 |
| 4 | Braille Kits | 5 |
| 5 | Hearing aids (TD 0E 17 BTE DIGITAL TYPE) | 23 |
| 6 | Knee Albo Food Orthosis (BL KAFO 2LM BIL KAFO II) | 2 |
| 7 | Tricycles | 4 |
| 8 | Albo Food Orthosis 2BLLM BIL AFO II RLOZ | 2 |
| 9 | Blind stick (Smart Canes) | 4 |
| 10 | Crutches (TD 1N 39 CRUTCH AXILLA ADJUST) | 3 |
| 11 | Motorised Tricycles | 5 |
| 12 | Walking Sticks | 2 |
| 13 | ADL Kit (TD OL 01) | 1 |
| 14 | Tricycle with Zink Battery (D 0E 21 13 ZINK AIR BATTERY | 5 |
| 15 | Blind stick (Smart Canes) (advanced) | 3 |
| 16 | Prosthetic legs | 10 |
| 17 | Walker with wheel (Roletar) | 1 |



બોર્ડ મીટીંગ



સાધન-સહાય વિતરણ



N.R. Instituteના સ્ટુડન્ટ્સ દ્વારા એસેસમેન્ટ વર્ક



ટ્રેનિંગ અને વર્કશોપ



ડોનેશન વિતરણ




ઓરિગામી વર્કશોપ

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org